સને ૨૦૧૬-૧૭ ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ આયોજન હેઠળની રૂ. ૧૦૦.૦૦ કરોડ સુધીની ચાલુ બાબતોની (માંગણી ક્રમાંક : ૭૧, ૯૫ અને ૯૬) વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ/ ૨૦૧૬/૨૧૮૭૭૬/ખ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭/૪/૨૦૧૬.

ઠરાવ:-

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સને ૨૦૧૬-૧૭ ના વર્ષના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૭૧, ૯૫ અને ૯૬ હેઠળ આયોજન તેમજ આયોજન બહાર સદર હેઠળની રૂ. ૧૦૦:૦૦ કરોડ સુધીની અંદાજપત્રીય જોગવાઇવાળી ચાલુ યોજનાઓ માટે સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સદર બાબતે કાળજીપુર્વકની વિચારણાના અંતે નીચે દર્શાવેલ આયોજન હેઠળની રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની ચાલુ બાબતોને સને ૨૦૧૬-૧૭ ના નાણાંકિય વર્ષમાં ખર્ચ કરવાની વહીવટી મંજુરી આ સાથે દર્શાવેલ શરતોને આધીન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ નં. | યોજનાનું નામ | બજેટ સદર | સ્ટેટ શેરની રકમ (રૂ. લાખમાં) | સેન્ટ્રલ શેરની રકમ (રૂ. લાખમાં) | કુલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| | માંગણી ક્રમાંક : ૭૧ | | | | |
| ૧ | આજીવિકા | ૭૧-૨૫૦૧-૦૬-૧૦૧-૦૩ | ૧૨૯૯.૪૮ | ૧૯૪૯.૨૨ | ૩૨૪૮.૭૦ |
| ૨ | ડી.આર.ડી.એ.એડમીન | ૭૧-૨૫૦૧-૦૬-૦૦૧-૦૩ | ૧૨૦૦.૦૦ | ૧૮૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ |
| ૩ | મનરેગા એડમીન | ૭૧-૨૫૦૫-૦૨-૧૦૧-૦૨ | ૨૫૦૦.૦૦ | -- | ૨૫૦૦.૦૦ |
| ૪ | મિશન મંગલમ | ૭૧-૨૫૦૫-૬૦-૭૦૩-૦૨ | ૨૧૦૦.૦૦ | -- | ૨૧૦૦.૦૦ |
| ૫ | નિરાંચલ | ૭૧-૨૫૦૧-૦૩-૩૦૭-૦૧ | ૧.૦૦ | -- | ૧.૦૦ |
| ૬ | ઘટક કક્ષાનો વહીવટ સંગીન બનાવવો | ૭૧-૨૫૦૧-૦૬-૦૦૧-૦૧ | ૧૫૦.૦૦ | -- | ૧૫૦.૦૦ |
| ૭ | ગ્રામવિકાસ આયુક્ત | ૭૧-૨૫૦૧-૦૬-૦૦૧-૦૨ | ૨૮.૫૦ | -- | ૨૮.૫૦ |
| ૮ | ગ્રામીણ વિકાસ માટે તાલીમ પ્રવૃતિ સંગીન બનાવવી | ૭૧-૨૫૦૧-૦૬-૦૦૧-૦૪ | ૪૦.૦૦ | -- | ૪૦.૦૦ |
| ૯ | ગ્રા.વિ.વિ. આઇ.ટી | ૭૧-૨૫૦૧-૦૬-૦૦૧-૦૪ | ૧૬૦.૦૦ | -- | ૧૬૦.૦૦ |
| ૧૦ | આમ આદમી વીમા યોજના | ૭૧-૨૫૦૧-૦૬-૧૦૧-૦૬ | ૨૫૬.૦૦ | -- | ૨૫૬.૦૦ |
| ૧૧ | ખાસ રોજગાર કાર્યક્રમ | ૭૧-૨૫૦૫-૭૦૩-૦૧ | ૧.૦૦ | -- | ૧.૦૦ |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| માંગણી ક્રમાંક : ૯૫ | | | | | |
| ૧૨ | આજીવિકા | ૯૫-૨૫૦૧-૦૬-૧૦૧-૦૧ | ૧૮૫.૬૪ | ૨૭૮.૪૬ | ૪૬૪.૧૦ |
| ૧૩ | મિશન મંગલમ | ૯૫-૨૫૦૫-૬૦-૭૦૩-૦૨ | ૩૦૦.૦૦ | -- | ૩૦૦.૦૦ |
| ૧૪ | આમ આદમી વીમા યોજના | ૯૫-૨૫૦૧-૦૬-૧૦૧-૦૨ | ૧૦૦.૦૦ | -- | ૧૦૦.૦૦ |
| માંગણી ક્રમાંક : ૯૩ અને ૯૬ | | | | | |
| ૧૫ | આજીવિકા | ૯૬-૨૫૦૧-૦૬-૭૯૬-૦૫ | ૩૭૧.૨૮ | ૫૫૬.૯૨ | ૯૨૮.૨૦ |
| ૧૬ | મિશન મંગલમ | ૯૬-૨૫૦૫-૦૧-૭૯૬-૦૩ | ૬૦૦.૦૦ | -- | ૬૦૦.૦૦ |
| ૧૭ | આમ આદમી વીમા યોજના | ૯૬-૨૫૦૧-૦૬-૭૯૬-૧૦ | ૧૪૪.૦૦ | -- | ૧૪૪.૦૦ |
| ૧૮ | ટ્રાયબલ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ | ૯૬-૨૫૦૧-૦૬-૭૯૬-૦૪ | ૧૬૪૫.૦૦ | -- | ૧૬૪૫.૦૦ |
| ૧૯ | ટ્રાયબલ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ | ૯૩-૨૫૦૧-૦૧-૮૦૦-૦૧ | ૧૨૨.૫૮ | -- | ૧૨૨.૫૮ |

**શરતો અને બોલીઓ**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેના ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનાં રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૫) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિઓનું ચુસ્તપણે પાલન કરીને કરવાની રહેશે.

(૭) આ કામમાં ટેન્ડર પ્રોસેસીંગ કરવાનું થતું હોય તો સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચના તથા વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજૂરી માટેની દરખાસ્ત કરવાની રહેશે.

(૯) કેન્દ્ર સરકાર દ્વારા ફન્ડીંગ પેટર્નમાં ફેરફાર કરવામાં આવે તો તે મુજબ સુધારેલ વહીવટી મંજુરી માટે નાણાં વિભાગને દરખાસ્ત કરવાની રહેશે તેમજ તે મુજબ વિભાગે સુધારેલ અંદાજપત્રમાં જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે ભારત સરકારશ્રીની સુચનાઓ તથા ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. યુટીસી(ગ્રાન્ટ વપરાશી પ્રમાણપત્રો) સમયસર મોકલવાના રહેશે.

(૧૧) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

**(૧૩) બાંધકામના કિસ્સામાં નીચે દર્શાવેલ શરતોનું ચુસ્તપણે અમલ કરવાનું રહેશે.**

(૧) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટેવિભાગે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૨) બાંધકામોના કામોમાં PWD મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૩) સુચિત કામે પૈકી MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA હેઠળ ઉધારવામાં આવે તે અંગે વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૪) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે. અને જમીન સંપાદન અંગેની કામગીરી પુર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહે શે.

(૫) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી , પુરાતત્વ ખાતુ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરુરી હોય તેવા કિસ્સામાં મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૬) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો અમલ કરવાનો રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૦) સરકારશ્રીની મંજુરીથી જે કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સામાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

પ્રસ્તુત ઠરાવ નાણાં સલાહકારશ્રી(પંચાયત)નીઅને અગ્ર સચિવશ્રી(ગ્રામ વિકાસ)ની સમાન ક્રમાંકની ફાઇલ પર તા. ૧૬/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(યુ. યુ. પઠાણ)
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. માન. રા. ક.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

૨. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી (ખર્ચ),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી-વ-કમિશ્નરશ્રી(ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ાણાં સલાહકારશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ાંધીનગર.

ાર્વે નાયબ સચિવશ્રીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ાપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ાપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ાપસચિવશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટ્સ) , ગુજરાત રાજ્ય , અમદાવાદ/રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) , ગુજરાત રાજ્ય , અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.

અધિક કમિશ્નરશ્રી (મહેકમ/હિસાબ) કમિશ્નરશ્રી (ગ્રામવિકાસ)ની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬, ગાંધીનગર.

નિયામકશ્રી , હિસાબ અને તિજોરી , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સીસ્ટમ મેનેજર, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.સદર ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા સારુ.

સીલેક્ટ ફાઇલ/ ના.સે.અ. સીલેક્ટ ફાઇલ.